## ટ્રેક નં. ૨૯ : કર્તાપણું, કર્તૃત્વબુદ્ધિ વિષે

✻ ગાડા નીચે કૂતરું અને કૂતરું એમ માને કે હું ગાડાને હાંકુ છું. આવી અનાદિની કર્તૃત્વબુદ્ધિ એક ક્ષણમાં જ્ઞાયકનું લક્ષ કરતાં છૂટે કે નહીં? આ તો જેને જ્ઞાયકનું લક્ષ થઈ ગયું છે એવા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન જ કહી શકે ને?

✻ માંગલિક :

✻ ભક્તિ :આ....પરના કર્તા પળ પળ થાતાં, ઘાત થતો રે અમારો,
આ...જે જે જ્યાં છે તે તેમ જ રહેતું, (૨) બંધન આ બંધાતું.

✻ **પ્રશ્ન : પ્રથમમાં એવી એકત્વબુદ્ધિનો જ અભાવ થાય?**

● ઉત્તર : હા. એકત્વબુદ્ધિ તૂટે. એ વાસ્તવિક કોઈ ઈષ્ટ, અનિષ્ટ છે જ નહીં. 'હું ચૈતન્ય જુદો જ્ઞાયક છું. આ કોઈ મને સારું નથી. કોઈ ખરાબ નથી'. માત્ર પોતાની કલ્પનાને લઈને, આવી બુદ્ધિઓ બધી થયા કરે છે. 'હું એનાથી જુદો છું' એમ જુદા થવાનો પ્રયત્ન કરે છે. પછી અલ્પ રાગ રહે છે. તો પુરુષાર્થની મંદતાના કારણે છે. એનાથી જુદો થવાનો, એકતાબુદ્ધિને તોડવાનો પ્રયત્ન કર. બહાર કોઈ એને ન હોય તો પોતે જ અંદરથી એવા વિકલ્પ ઉભા કર્યા કરે છે એકતાબુદ્ધિને લઈને. ૧.

✻ **પ્રશ્ન : એકત્વબુદ્ધિ એની મેળે મેળે જ ઉત્પન્ન થયા કરે. પરપદાર્થ નિમિત્ત એને જોતો પણ નથી. છતાં એને (અંદરથી જ ઉત્પન્ન થયા કરે છે?)**

● ઉત્તર : પોતે અંદરથી જ (એકત્વબુદ્ધિ) એને ઉત્પન્ન થયા કરે છે. ૨.

✻ **પ્રશ્ન : જાણવા ઉપર ધ્યાન આપવું?**

● ઉત્તર : તું જાણ બધું. તું કર્તા નથી, જ્ઞાયક છો. તું જાણ. બધી અધૂરી પર્યાય, પૂરી પર્યાય એ બધાનો તું જાણનાર, જ્ઞાયક છો. જાણ બસ! ૩.

**✻ પ્રશ્ન : જાણનારની પર્યાયને પણ કરવી નથી એમ કહે છે. એનો જાણનાર જ છું, એમ ને ?**

● ઉત્તર : જાણનારની પર્યાયનો પણ તું જાણનાર જ છો. એટલે એમાં 'વ્યવહાર નથી' એમ કહેવાનો આશય નથી પણ વસ્તુદૃષ્ટિ કરાવી છે. વસ્તુનું મૂળ સ્વરૂપ બતાવે છે. એટલે એ પર્યાયો આત્મામાં નથી એમ નથી. તે જાણવાની પર્યાય એમાં થાતી નથી એમ નથી. એ વ્યવહાર છે બધો. પણ દૃષ્ટિ તો મુળ વસ્તુનું સ્વરૂપ બતાવે છે. તો એકલું એમ હોય તો પછી બંધના વિભાવભાવો હોય જ નહીં. તો એકલી મોક્ષની પર્યાય જ હોય. જો એમ હોય તો આ જાણવાનો સ્વભાવ જે દેખાય એ પણ એમાં જાણી શકે જ નહીં. જો જાણવાનો કોઈ ભાવ જ નથી તો એ બધી પર્યાયો છે જાણવાની. પણ દૃષ્ટિ તારા સ્વ તરફ કર, એમ કહેવું છે. સ્વ પર પ્રકાશક સ્વભાવ છે, પણ દૃષ્ટિ તારા દ્રવ્ય ઉપર કર એમ કહેવું છે. આચાર્યદેવ, ગુરુદેવ બધા એક જ કહે છે કે દૃષ્ટિ તું શુદ્ધાત્મા ઉપર કર. તે તારો સ્વભાવ છે. પર્યાયો એમાં થાય છે. સાધકદશા એમાં હોય છે. સ્વ પર પ્રકાશક તારો સ્વભાવ છે. પણ દૃષ્ટિ તું પર ઉપરથી ફેરવીને એક અખંડ જ્ઞાયક પારિણામિકભાવ ઉપર દૃષ્ટિ કર. પારિણામિકભાવ એટલે એક ભાવ ઉપર એમ નહીં, પણ એક અખંડ દ્રવ્ય ઉપર દૃષ્ટિ કર એમ કહેવું છે. ૪.

● બહેનશ્રી : આમાં એકત્વબુદ્ધિ હોય એ મિથ્યાત્વ છે. એમાં રસ—અનંતો રસ થાય તો એ મિથ્યાત્વમાં જાય છે. અનંતો રસ કે જે અનંતાનુબંધીના જેવો રસ હોય તો એ મિથ્યાત્વમાં જાય. એકત્વબુદ્ધિને પોતે ઓળખવી જોઈએ કે કઈ જાતનો પોતાને રસ છે ? કોઈ રાગમાં એકત્વબુદ્ધિ થઈ જાય એવો રસ થાય તો એ અનંતાનુબંધીનો રસ થાય. ૫.

✻ પ્રશ્ન : પાંચ ઇન્દ્રિયોના વિષયમાં કોઈ પણ વિષય પ્રત્યેનો રાગનો રાગ ઉત્પન્ન થાય તો પછી એ રાગનો રસ વેદાય?

● ઉત્તર : એકત્વબુદ્ધિનો રસ હોય એ રસ મિથ્યાત્વનો રસ છે. ૬.

✻ પ્રશ્ન : જ્ઞાનીને પણ એકત્વબુદ્ધિ છૂટ્યા પછી પણ રાગના રસ જેવું કાંઈ હોય ખરું?

● ઉત્તર : રાગ એ એને મર્યાદિત થઈ જાય છે. અમર્યાદિત હોતો નથી. એનાથી વિરક્તિ થઈ જાય છે. એને એકત્વબુદ્ધિ નથી હોતી. ૭.

✻ પ્રશ્ન : ગુરુદેવ એમ કહેતા કે 'આ રાગ આવ્યો' અને પછી 'આ ઠીક છે' એવો જે ભાવ આવે છે એ મિથ્યાત્વ છે.

● ઉત્તર : 'ઠીક છે, આ રાખવા જેવો છે' એમ (ભાવ હોય) તો મિથ્યાત્વ થાય. 'ઠીક છે' એના અર્થમાં ગુરુદેવને એમ કહેવું હતું કે પોતાની રુચિ–એકત્વ બુદ્ધિ એવી થઈ જાય છે કે 'આ ઠીક છે' આ રાખવા જેવો છે. ૮.

❀ બહેનશ્રી : જ્ઞાનીને હેય બુદ્ધિએ આવે છે. 'એકેય રાગ રાખવા જેવો નથી.' એ તો એને ક્ષણે ક્ષણે વર્તે જ છે. એકદમ નિરાળો થઈ ગયો. એકદમ લુખ્ખો થઈ ગયો. નિરાળો થઈ ગયો છે. જે (રાગ) આવે છે તે ઉપરથી આવે છે. અંદર એકમેક થઈ મૂળ તત્વમાંથી એકત્વ બુદ્ધિ આવતી નથી. એકદમ નિરાળો થઈ ગયો છે. છૂટો પડી ગયો છે. જેમ નારિયેળનો ગોળો છૂટો પડે તેમ છૂટો પડી ગયો છે. નિરાળો થઈ ગયો છે. બધી જાતના રાગના રસોમાંથી છૂટ્ટો નિરાળો થઈ ગયો છે. ૯.

✻ પ્રશ્ન : મિથ્યાદષ્ટિને પણ જે કોઈ રાગ થાય એ બધામાં રસ વેદાતો નથી હોતો. અમુક રાગમાં એને રસ વેદાતો હોય છે.

● ઉત્તર : ક્યાંય ક્યાંય રોકાતો હોય છે. ૧૦.

**✻ પ્રશ્ન : તો તીવ્રપણું, એનું એકત્વપણું હશે એવું કંઈ ?**

● ઉત્તર : એ પોતે ઓળખવું જોઈએ. એકત્વ પોતાને ક્યાં છે? નિરાળો નથી થયો ત્યાં સુધી એકત્વ પરિણતિ તો છે જ. એમાં વિશેષ રોકાતો હોય તો એ પોતે ક્યાં રોકાય છે? એ પોતે પોતાને પકડી લે. ૧૧.

**✻ પ્રશ્ન : સામાન્ય એકત્વબુદ્ધિ તો છે જ. વિશેષ પ્રકારમાં એને પોતાને ખ્યાલ કરવો જોઈએ ?**

● ઉત્તર : એને પોતાને ખ્યાલ કરવો જોઈએ. ઓલું આવે છે ને કે પ્રથમ સુદૃષ્ટિ તો શરીરથી જુદો, પછી વિભાવ ભાવોથી જુદો, 'સુબુદ્ધિકો વિલાસ' એટલે જે દૃષ્ટિથી નિરાળો થયો તે બધા શુભના વિકલ્પ કે શુભાશુભ બેયના વિકલ્પથી એકદમ નિરાળો થઈ ગયો છે. શુભભાવ ઊંચામાં ઊંચા આવે તો પણ એ નિરાળો જ રહે છે. જેમ નિરાળો નાળિયેરનો ગોળો જુદો પડે એમ બધેથી નિરાળો રહે છે. એ બહારથી શુભભાવોમાં એકત્વ જેવું દેખાય તો પણ એ નિરાળો હોય છે. ૧૨.

**✻ પ્રશ્ન : એકત્વ એટલે ઉલ્લાસપૂર્વક?**

● ઉત્તર : ઉલ્લાસપૂર્વક એટલે જાણે એકત્વ થઈ ગયું હોય એવું દેખાય. તો પણ એકત્વ નથી. એ એને અંદર હેયબુદ્ધિએ નિરાળાની પરિણતિ છે. એકત્વબુદ્ધિ થાતી જ નથી. દૃષ્ટિમાં એકદમ નિરાળો થઈ ગયો છે. એકત્વ જો કે ચારિત્રમાં લાગુ પડે પણ આ દૃષ્ટિમાં બધી રીતે એને ત્યાગ થઈ ગયો છે. નિરાળો થઈ ગયો છે. ૧૩.

**✻ પ્રશ્ન : કોઈપણ રાગ એને અભિપ્રાયમાં રાખવા જેવો નથી લાગતો. અભિપ્રાયમાં એને નથી લાગતો એટલે બધેથી છૂટી ગયો છે એમ વજન આપવાનું છે કે બીજું કાંઈ ?**

● ઉત્તર : ના, અભિપ્રાયથી એકદમ પરિણતિ ન્યારી થઈ ગઈ છે. અભિપ્રાય એવી જાતનો છે કે પરિણતિ ન્યારી જ રહે છે. પછી રહે છે પ્રત્યાખ્યાન, અપ્રત્યાખ્યાન—એ પૂરતો રહ્યો છે. ૧૪.

✻ પ્રશ્ન : પુરુષાર્થ કરવાની ભાવના પણ રહે અને કર્તાપણું પાછું આવે નહીં ?

● ઉત્તર : હા. એને ભાવના રહે અને કર્તાબુદ્ધિ ન આવે કે 'હું કંઈક કર્તા થઈને કરું છું' એવી જાતની કર્તાબુદ્ધિ એને નથી આવતી. પુરુષાર્થની ધારા—પોતા તરફ પુરુષાર્થ એનો વળતો જાય છે. ભાવના રહે છે પણ કર્તાબુદ્ધિ નથી આવતી. એવી એની પરિણતિ નથી. પુરુષાર્થ યથાર્થ સત્‌ સ્વરૂપને જે પ્રગટ કરવા માગે છે એમાં એને ખોટું આવતું જ નથી. એમાં એને યથાર્થ જ આવે છે. ૧૫.

✻ પ્રશ્ન : અકર્તા રાગનો પણ પોતાના જે સ્વાભાવિક ભાવો છે દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ–એ ભાવોનો તો કર્તા કહેવાય ને ?

● ઉત્તર : હા, એ પોતાના સ્વભાવનો કર્તા છે. વિભાવનો અકર્તા છે. ૧૬.

✻ પ્રશ્ન : આત્મામાં એવો કોઈ અકર્તા નામનો ગુણ કે સ્વભાવ હોઈ શકે કે પોતાની જ્ઞાન પર્યાયને ન કરે કે દર્શન પર્યાયને ન કરે તો પણ સહજ થાય ?

● ઉત્તર : દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી એને 'હું મારા સ્વભાવનો કર્તા છું' એમ વિકલ્પ પણ નથી હોતો. પોતે સામાન્ય ઉપર દૃષ્ટિ રાખીને ઉભો છે. એમાં કર્તા કે કોઈ ઉપર એની દૃષ્ટિ નથી. એક સામાન્ય તત્વ ઉપર દૃષ્ટિ એની સ્થાપી દીધી છે. સહજ, સહજ સ્વભાવે પરિણતિ છે એમ દૃષ્ટિ સ્થાપી છે. પણ એ સહજ છતાં એકાંત નથી. પોતે પોતાના સ્વભાવનો કર્તા છે. 'હું કર્તા છું' કોઈ એવી જાતના ભેદ પાડીને પોતાના સ્વભાવમાં એવી દૃષ્ટિ સ્થાપતો નથી કે 'હું મારા સ્વભાવનો કર્તા છું' એ સામાન્ય ઉપર દૃષ્ટિ રહે છે. એવો ભેદ વિકલ્પ રહેતો નથી. પણ સ્વભાવનો કર્તા છે તો ખરો.૧૭.

ભક્તિ :પરના કર્તા પળ પળ થાતાં ભાવ મરણે ભવ ચાલ્યો,
નરક નિગોદે નાથ નથી જાવું, ચરણ શરણ અબ આયો.

**✻ પ્રશ્ન : સમયે સમયે વિભાવો તો થાય છે. નથી થાતાં એવું નથી. છતાં જ્ઞાન જુદું કામ કરતું નથી ?**

● ઉત્તર : છૂટું કામ નથી કરતું. કષાય થાય એ વખતે એનું જ્ઞાન છે એ જુદું ક્યાં રહે છે પોતે? કષાયમાં એકમેક થઈ જાય છે. એમ તો વિચારથી નક્કી કરે છે કે આ કષાયને મેં જાણ્યો. એ પછી બીજી ક્ષણે વિચાર કરે છે કે 'આ કષાય તે હું નથી, હું તો જ્ઞાન છું'. કષાય થાય તે વખતે તો એકમેક થાય છે. જુદો ક્યાં પોતે રહે છે? જુદાનું ક્યાં એને એ વખતે, એ ક્ષણે ક્યાં જુદો રહે છે જુદો હોવા છતાં? વસ્તુથી તો જુદો છે પણ એ જુદાનો ક્યાં એને એ વખતે ખ્યાલ હોય છે કે વેદન હોય છે? એ માત્ર વિચારોમાં ઢળી જાય છે. અંદર પહેલા વિચાર્યું હોય એ રીતે કે 'જ્ઞાન જુદું અને કષાય જુદો' પણ જે વખતે એમાં જોડાય એ વખતે એની જ્ઞાયક પરિણતિ એ ક્ષણે જુદી રહેતી નથી. પણ વિચારે એ કે 'આ કષાય થયો તે કષાય જાણ્યો કોણે?' જ્ઞાનસ્વભાવ જે આત્મા છે તે આત્માએ જાણ્યો. એમ વિચારીને નક્કી કરે છે. પણ જે એમાં એકત્વરૂપે પરિણમે છે. એકત્વબુદ્ધિએ—તે ક્ષણે ક્યાં જુદો રહે છે? અજ્ઞાનીને જુદો રહેતો નથી. એ તો એકમેક કષાયમાં થાય છે એ ક્ષણે તો ભલે એનો રસ નથી પણ એ એકમેક થાય છે. કષાય થાય છે એ ક્ષણે જુદો રહેતો નથી. બીજે ક્ષણે ખ્યાલ આવે છે. ૧૮.

**✻ પ્રશ્ન : જે ક્ષણે એને ખ્યાલ આવ્યો ત્યારે પાછું કષાય ચક્ર તો ચાલુ જ છે પાછું ?**

● ઉત્તર : એ ક્ષણે પાછો બીજો વિકલ્પ આવે છે. એક વિકલ્પ છૂટીને બીજો વિકલ્પ આવે છે. ત્યારે એ વિચારે છે કે 'આ કષાય છે એ મારું સ્વરૂપ નથી. હું તો જાણનાર' પણ એ એકત્વબુદ્ધિએ પરિણમેલો એ વયું (જતું રહ્યું) ગયું, પછી બીજા વિચાર એને આવે છે. ૧૯.

✻ પ્રશ્ન : પાત્રતામાં અશુભને ટાળીને શુભ કરું એવા વિચાર એને આવે એમાં કર્તૃત્વબુદ્ધિ નથી ?

● ઉત્તર : કર્તૃત્વબુદ્ધિ તો પર પદાર્થોનો કર્તા છું, એમ આવે તો કર્તૃત્વબુદ્ધિ આવે. વાસ્તવિક રીતે કર્તૃત્વબુદ્ધિ ક્યારે છૂટે છે? જયારે પરદ્રવ્યનો જ્ઞાયક થાય ત્યારે કર્તાબુદ્ધિ એને છૂટે, ત્યારે એની કર્તૃત્વની પરિણતિ વાસ્તવિક રીતે એને છૂટે છે. જ્યાં સુધી જ્ઞાયકના ભાવ અંતરમાંથી સહજ જે એની દશા જ્ઞપ્તિની છે, જ્ઞાતાની તે એની સહજ દશા પ્રગટ નથી થઈ ત્યાં સુધી એની કર્તાપણાની પરિણતિ ઉભી છે. પણ એની બુદ્ધિમાં નક્કી કરે કે ‘હું પર પદાર્થને કે પર પદાર્થના દ્રવ્ય, ગુણ, પર્યાયને કરી શકતો નથી. હવે જે વિભાવ થાય છે તે વિભાવની–રાગની પરિણતિમાં હું મારા પુરષાર્થની મંદતાએ જોડાઉં છું અને એટલે એને એ જાતના પુરુષાર્થને હું ફેરવું’. એ જાતના કર્તાપણાની કર્તૃત્વબુદ્ધિ આવે છે. પણ ખરી રીતે કર્તાબુદ્ધિ છૂટી નથી. જેને અંતરમાંથી છૂટે એને પરદ્રવ્યમાંથી છૂટે. વિભાવમાંથી છૂટે. બધેથી છૂટે. આ તો છૂટી નથી. સ્થૂળબુદ્ધિએ હું પરપદાર્થનો કર્તા નથી એમ આવે છે. અંદર પોતાના પરિણામો પલટાવે એમાં પોતાને પુરુષાર્થનું કર્તૃત્વપણું આવ્યા વગર પુરુષાર્થ પલટો ખાતો નથી. પણ જ્ઞાયક દશામાં ‘રાગનો કર્તા નથી. રાગ મારો સ્વભાવ નથી. માટે રાગને હું કરી શકતો નથી.’ એમ એને કર્તાબુદ્ધિ જ્ઞાયકદશામાં છૂટી જાય છે. ‘હું એને (રાગને) ઉત્પત્તિ કરી શકતો નથી. પણ એ મારા પુરુષાર્થની મંદતાએ થાય છે. એની કર્તાબુદ્ધિ ખરી રીતે જ્ઞાતાપણામાં છૂટે છે. જ્ઞાયક દશા નથી ત્યાં સુધી કર્તૃત્વ બુદ્ધિ ઉભી જ છે. એ પુરુષાર્થ કરે, ગમે ત્યાં શુભ કે અશુભમાં જ્યાં એની પરિણતિ જાય ત્યાં બધે કર્તાબુદ્ધિ ઉભી થાય છે. જ્યાં સુધી જ્ઞાયકપણે નથી ત્યાં સુધી કર્તાબુદ્ધિ ઊભી છે. ૨૦.

✻ પ્રશ્ન : એ કર્તાબુદ્ધિ તો અશુભ પરિણામમાં પણ છે અને શુભ પરિણામમાં પણ છે ?

● ઉત્તર : બેયમાં છે. બેયમાં કર્તાબુદ્ધિ છે. ૨૧.

✻ પ્રશ્ન : એ રીતે સમજીને અશુભને ટાળીને શુભના પરિણામ એ કરે એ પાત્રતા પ્રગટ કરવા માટેના ભાવ આવે ?

● ઉત્તર : એ એને ભાવ આવી જ જાય. હજી તો જ્યાં શુભ-અશુભ બેયમાં કર્તાબુદ્ધિ ઉભી છે. એકમાં ઉભી છે એમ નથી. બેયમાં છે. જ્ઞાયકતા થાય. સહજ ભેદજ્ઞાન ત્યારે એને એમ થાય કે 'આ જે પરિણતિ થાય છે તે તો વાસ્તવિક રીતે હું મારા સ્વભાવથી એનો કર્તા નથી.' આ રાગના, દ્વેષના પરિણામો થાય એ થાય છે. એને કર્તૃત્વબુદ્ધિ નથી. એ તો મારા પુરુષાર્થની મંદતાએ થાય છે. એ કાંઈ કર્મના ઉદયની બળજોરીથી કે એ કોઈએ મને પરાણે કરાવી દીધું એમ નથી. એ જાણે છે કે પુરુષાર્થની મંદતાથી થાય છે. પણ વાસ્તવિક રીતે જ્ઞાયકતા છૂટી જાય એવી જાતની કર્તાબુદ્ધિ એને થાતી જ નથી. જ્ઞાયકતા એની સાથે જ હોય છે. ૨૨.

✻ પ્રશ્ન : પૂજ્ય ગુરુદેવશ્રી એમ ફરમાવતા કે જેનાથી લાભ માને એને પોતાનું માન્યા વગર રહે નહીં. પણ એ પરપદાર્થોમાં ઇષ્ટ–અનિષ્ટ બુદ્ધિ જીવને તો છે. તો શું અનિષ્ટપણામાં પોતાપણું નથી ? આમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો આશય શું છે ? એ સ્પષ્ટ કરશો.

● ઉત્તર : ઈષ્ટ માને તો પર પદાર્થને પોતાના માને છે. અનિષ્ટ માને એને પોતે અનિષ્ટ માની રહ્યો છે. કારણ કે અંદરમાં (એને એમ છે કે) 'આ મને નુકશાન કરે છે એ 'નુકશાન કરે છે' એમ જે માન્યું છે તે ખોટું છે. અને (લાભ કરે છે ત્યાં) પોતાપણું માન્યું છે. અનિષ્ટ પદાર્થથી મને નુકશાન થાય છે. અને ઈષ્ટથી મને લાભ થાય છે. બેય ભાવો એના યથાર્થ નથી. ઈષ્ટ અનિષ્ટ કોઈ—જ્ઞાતાની પરિણતિમાં એકેય નથી. વસ્તુ સ્વભાવે ઈષ્ટ—અનિષ્ટ કોઈ છે જ નહિ પણ ઈષ્ટ માન્યું કે 'આ મને ઠીક છે' અને અનિષ્ટ 'મને ઠીક નથી' એટલે એમાં

એ મને નુકશાન કરે છે. એમાં જાણે એની પરિણતિ સાથે એને કંઈ એકત્વપણું હોય એવી જાતની ભ્રાંતિ અંદર ભેગી આવી જાય છે. એ નુકશાન કોઈ કરતું નથી કે કોઈ લાભ પણ કરતું નથી. પણ એ બેયમાં એની ખોટી માન્યતા છે. વિભાવના કારણો અને જે પરિણતિમાં એને જે દુ:ખના કારણો જે અંતરમાં વિભાવ પરિણતિમાં છે એ એના કાર્યમાં બધું એને અનિષ્ટ અને એવું બધું ફળમાં આવ્યા જ કરે છે. એના કારણો એવા છે.

અતરમાં એ બેયની સાથે એને એકત્વબુદ્ધિ અંદર પડેલી જ છે. નુકશાન માને તોય એકત્વબુદ્ધિ છે અને લાભ માને તો ય એકત્વબુદ્ધિ છે. બેય સાથે એકત્વબુદ્ધિ જ છે. અને બેય–ઈષ્ટ અનિષ્ટથી છૂટીને 'હું જ્ઞાયક છું, મને ઈષ્ટ અનિષ્ટ કોઈ પર પદાર્થ કરતું નથી, મારો જ્ઞાયક છે એ જ મને લાભરૂપ છે' એ તરફ પરિણતિ જાય તો એ બાજુ શુભભાવ આવે, પણ શુભભાવ કંઈ આદરવા યોગ્ય નથી. આદરણીય તો એક ચૈતન્ય તત્વ જ છે. ઈષ્ટ અનિષ્ટથી છૂટી જાવું અને જ્ઞાયકની પરિણતિ પ્રગટ કરવી એ જ લાભરૂપ છે. એમ અનિષ્ટમાં પણ પોતા બુદ્ધિ આવી ગઈ અને ઈષ્ટમાં પણ પોતા બુદ્ધિ આવી જ જાય છે. બેયમાં આવી જાય છે. લાભ–નુકશાન બે માને એમાં બેયમાં પોતાબુદ્ધિ આવી જાય છે કે 'એણે મને નુકશાન કર્યું એટલે એમાં એકત્વ બુદ્ધિ આવી. બેયથી જુદું થઈ અને અંતરમાં જ્ઞાયકની પરિણતિ પ્રગટ કરવી.

ઈષ્ટ અનિષ્ટ કાંઈ છે નહીં. 'મારે અંદર જ્ઞાયક' એ જ મારે ઉપાદેય છે. આ બધું ત્યાગવા યોગ્ય છે અને ઉપાદેય એક જ્ઞાયક. શુભભાવના ભેગી આવી જાય છે. સાધકદશામાં આ એક પરિણતિ યથાર્થ 'જે છે તે છે' એમ યથાર્થ પરિણતિ પ્રગટ કરે. ૨૩.

**✻ પ્રશ્ન : મારામાં હું કશું જ કરી શકતો નથી ?**

● ઉત્તર : એ પણ એ કરી શકતો જ નથી. સાચી વાત છે.૨૪.

✻ પ્રશ્ન : એ સમજીએ પણ કંઈ કરીએ જ નહીં. એ કેમ ચાલે? કંઈક કરવું તો પડશે જ ને?

● ઉત્તર : કર્તાબુદ્ધિ તોડવાની છે. પછી જ્યાં સુધી રાગ છે ત્યાં સુધી થયા વગર રહેવાનું નથી. પણ એ કર્તાબુદ્ધિ છોડવાની છે. ૨૫.

✻ પ્રશ્ન : તો થાય કેવી રીતે?

● ઉત્તર : થાવાનું જ છે બધું. ૨૬.

✻ પ્રશ્ન : જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી કંઈ ને કંઈ તો કરતાં જ રહેશું ને?

● ઉત્તર : કરવાનું. પણ 'હું કરી શકું છું. બીજાને દઈ શકું છું' એમ નહીં. (માનવાનું) ૨૭.

✻ પ્રશ્ન : હું કરી શકું છું એમ નહીં પણ કરવુ તો પડે?

● ઉત્તર : 'હું જીવાડી શકું, હું મારી શકું' એમ નથી. (માનવાનું) ૨૮.

✻ પ્રશ્ન : 'હું કરી શકતો જ નથી' પણ જીવન જીવવું કેવી રીતે? સંપૂર્ણ કેવી રીતે કરવું? ટાઈમ કેમ પાસ કરવો?

● ઉત્તર : બધું થાવાનું જ છે, પણ 'હું કરી શકું છું' એવી તારી શ્રદ્ધા તોડ' એમ. ૨૯.

✻ પ્રશ્ન : 'એ હું કરી શકતો નથી' એમ તો મને ખ્યાલ આવી રહ્યો છે.

● ઉત્તર : શ્રદ્ધા તોડી નાખ. એટલે એમાં એને નિર્લેપતા આવે ને. ઓલું તો 'મેં આ કર્યું અને મેં આમ ન કર્યું અને મેં આમ ન કર્યું અને મેં આમ કર્યું હોત તો આમ થાત, આમ ન કર્યુ હોત તો આમ ન થાત, મેં ધ્યાન ન રાખ્યું એટલે આમ થયું.' એવા બધા વિકલ્પ એને છૂટી જાય છે. ૩૦.

✻ પ્રશ્ન : પછી કરવું શું? બધું છૂટી જાય તો કશું કરવાનું જ રહે નહીં.

● ઉત્તર : એ છૂટવાનું ક્યાં હતું? અંદર રાગ છે એ

છોડવાનો, શ્રદ્ધા તોડવાની છે. પહેલાં જ્ઞાન અને શ્રદ્ધા કરવાની છે, પછી બધુંય. પહેલા શ્રદ્ધા તો કરે કે 'હું પરપદાર્થને નથી કરી શકતો', આત્મામાં કર્તા છું. મારા જ્ઞાનને કરી શકું, આનંદને કરી શકું, બધું અંદર આત્મામાંથી પ્રગટ કરી શકું, મારા આત્મામાં અનંત આનંદ ભર્યો છે, જ્ઞાન ભર્યું છે એ બધું આત્મામાંથી જ પ્રગટે. આત્મામાં કરી શકું, બહાર નથી કરી શકતો' શ્રદ્ધા ફેરવે પછી શું થાય છે એ જુએ. થયા વગર રહેવાનું જ નથી. શ્રદ્ધા ફેરવે પછી પણ એ તો ચાલ્યા જ કરવાનું. ૩૧.

* પ્રશ્ન : શ્રદ્ધા ફેરવવી. પહેલા કર્તૃત્વબુદ્ધિ છોડવી. બધું થાવાનું હોય તે બધું થાય છે. (એમ જ ને ?)

● ઉત્તર : બધું થાય છે. પહેલાં શ્રદ્ધાની દિશા ફેરવવાની છે. ૩૨.

બોલો સદ્‌ગુરુદેવનો જય હો.
ભગવતી માતનો જય હો.